આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૫ | ૨૯ ઓક્ટોબર, ૨૦૧૪, બુધવાર ; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નિલોફરના પગલે અધિકારી-કર્મચારીની રજાઓ રદ

**ચારેય તાલુકામાં કંટ્રોલ રૂમ કાર્યરત કરાશે : પરિસ્થિતિના સંકલન માટે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓની નિમણુંક**

## તમામ ઈમરજન્સી સેવાઓ સજ્જ

**પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ, આર્મી, કોસ્ટગાર્ડ, વાયુદળ સહિતની તમામ સેવાઓની ટીમ એલર્ટ મોડમાં : પોલીસ અધિકારી-કર્મચારીઓની રજા રદ કરવાનો ડી.જી.પી.નો હૂકમ**

ગાંધીનગર, તા. ૨૮

ઓમાન તરફથી અરબી સમુદ્રમાં ઉદભવેલુ વાવાઝોડુ નિલોફર ડિપ્રેશનમાં ફેરવાઈ સમય જતા શક્તિશાળી બની રહ્યું છે. વાવાઝોડુ નિલોફર અરબી સમુદ્ર તરફથી ફંટાઈને ગુજરાતના દરિયા કિનારે ૨૯ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન ત્રાટકી શકે તેવી પુરે પુરી શક્યતા સેવાઈ રહી છે. ત્યારે ૧૦૮ ઈમરજન્સી અને પોલીસ સેવા જેવી તમામ તાત્કાલિક સેવાઓ વાવાઝોડા નિલોફરની પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ કરી દેવામાં આવી છે. જ્યારે રાજ્યના પોલીસ વિભાગના તમામ પોલીસ અધિકારી કર્મચારીઓની પણ રજા રદ કરી તાત્કાલિક પોતાની ફરજ પર હાજર થવા રાજ્ય પોલીસ વડાએ આદેશો આપી દીધા છે.

સોમવારે સાંજે આ વાવાઝોડુ ગુજરાતના દરિયા કિનારાથી ૧૧૭૦ કિ.મી. દૂર હતુ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફે ગતિ કરી રહ્યું છે ત્યારબાદ તે ઉત્તર પૂર્વે દિશા તરફ ફંટાઈ તેવી શક્યતાઓ હવામાન વિભાગે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા. ૨૮

અરબી સમુદ્રમાં આગળ વધી રહેલ નિલોફર વાવાઝોડાને પગલે જિલ્લા વહીવટીતંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે અને તમામ અધિકારીઓ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. તેમજ ચારેય તાલુકામાં ઉભી થનારી પરિસ્થિતિ માટે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીઓને સંકલનની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરના અધ્યક્ષપદે આજે મળેલ જિલ્લાના અધિકારીઓની બેઠકમાં આ વાવાઝોડાને પગલે વરસાદ અને પવન ભારે ગતિથી આવવાની શક્યતાઓના નિર્દેશ સાથે તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે.

કંટ્રોલ રૂમમાં મહેસુલી કર્મચારીઓની સાથે વન વિભાગના એક અધિકારી પણ ફરજ બજાવશે. વરસાદ અને પવનને લઈ વૃક્ષો ધરાશયી થાય તો તેને તાત્કાલિક દૂર કરવા ૬ જેટલી ટીમો પણ તૈનાત કરવામાં આવશે.

આજે મળેલી બેઠકમાં દરેક તાલુકાની સ્થિતિના સંકલન માટે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીની નિમણુંકો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત દિપાવલીને લઈ રજા પર ગયેલા કર્મચારી અધિકારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા માટે યુ.જી.વી.સી.એલ., આરોગ્ય તંત્ર,

● અનુસંધાન પાન-૭ પર





જળયાત્રા - જયઅંબે પરિવારના રજતજયંતિ મહોત્સવ નિમિત્તે યોજાયેલ સહસ્ત્રચંડી મહાયજ્ઞના પ્રારંભ પૂર્વે નિકળેલી જળયાત્રામાં ભાવિકો મોટી સંખ્યામાં ઉલ્લાસપૂર્વક જોડાયા હતા. ૧૦૧ મહિલાઓ જળના કળશ અને મંત્રપોથી માથે મૂકીને યાત્રામાં જોડાયા હતા. જળયાત્રામાં ગજરાજ અને પાલખી, ફુલોના ગરબા અને અંગ કસરતના દાવો કરતા યુવાનોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# જિલ્લા પંચાયતમાં વધુ એક ચેરમેન હટાવાયા

**મહિલા-બાળ કલ્યાણ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરાયો : એક જ સપ્તાહમાં કોંગ્રેસે બે સમિતિઓ ગુમાવી : નવેમ્બર પ્રથમ સપ્તાહમાં નવા ચેરમેનોની નિયુક્તી થશે**

ગાંધીનગર, તા. ૨૮

એક જ સપ્તાહના ટુંકા ગાળામાં ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે વધુ એક સમિતિના ચેરમેન સામે અવિશ્વાસનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો છે. આસાથે એક જ સપ્તાહમાં બે સમિતિના ચેરમેનોને અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં હોદ્દા છોડવા પડયા હોવાથી પંચાયતની તવારીખીમાં આ અનોખી ઘટના બની છે.

જિલ્લા પંચાયતમાં સત્તા પરિવર્તન બાદ ભાજપે એક પછી એક સમિતિઓ પર પોતાની પક્કડ મેળવી લીધી છે. આજે મહિલા બાળ કલ્યાણ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતિ રમીલાબેન પટેલ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થયો હતો.

આજે સમિતિની બેઠકમાં સમિતિના ચેરમેન રમીલાબેન ગેરહાજર હતા. કાર્યકારી અધ્યક્ષપદે ડાહીબેન ઠાકોરની નિયુક્તી કર્યા બાદ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ થયો હતો. સમિતિના ચારેય સભ્યોએ અવિશ્વાસ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કરતાં સર્વાનુમતે ચેરમેનને હોદ્દા પરથી દૂર કરાયા હતા.

ગત સપ્તાહે ખેતીવાડી અને ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેન સામે બહુમતિથી અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરાયો હતો. આમ એક સપ્તાહમાં જ બે સમિતિના ચેરમેનોને અવિશ્વાસ પ્રસ્તાવથી દૂર કરાયાની પંચાયતી રાજ વ્યવસ્થામાં પ્રથમ ઘટના બની છે.

● અનુસંધાન પાન-૭ પર

















